જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૬/૦૭/૨૦૧૭ રવિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૪૫૧/૧૭**

## સાબરકાંઠા વિસ્તારમાંથી 7 જેટલા ટુ વ્હીલર વાહન ચોરીના ગુન્હાનો ભેદ ઉકેલી કાઢતી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચ

અમદાવાદ શહેર સંયુકત પોલીસ કમિશનર શ્રી જેકે.ભટ્ટ સાહેબ તથાનાયબ પોલીસ કમિશનર શ્રી દીપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી ડૉ.રાજદીપસિંહ ઝાલા સાહેબે આપેલ સુચના તથા માર્ગદર્શન હેઠળ એન્ટી ઓર્ગેનાઇઝડ ક્રાઇમ સેલ ટીમ મિલ્કત સબંધી ગુન્હા બનતા અટકાવવા તથા આવા ગુન્હા કરતા આરોપીઓ શોધી કાઢવાની કામગીરી સબંધે કાર્યરત હતા, દરમ્યાન મળેલ બાતમી આધારે અમદાવાદ શહેર ખાતેથી આરોપી રાજમલ @ રાજુ સ/ઓ દલીચંદ લુહાર ઉવ.24 રહે : ગામ વિજાપુર, બાલીયામાડ, તા.વિજાપુર, જી.મહેસાણાં મુળ ગામડુંગલા, તા.ડુંગલા પશુ દવાખાનાની બાજુમાં જી.ચિતોડગઢ રાજસ્થાનને હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોટર સાયકલ સાથે ઝડપી પાડવામાં આવેલ, આ ઇસમની પુછપરછ કરતાં એક ઇસમ નામે પ્રવિણ રહે, ખેરવાડા રાજસ્થાન જેણે સાબરકાંઠા વિસ્તારમાંથી 7 જેટલા ટુ વ્હીલર વાહનોની ચોરી કરી શામળાજી હાઇવે ઉપર આવેલ દેવ દાલબાટી હોટલ પાસે સાબરકાંઠા જીલ્લા ના ગામ : ગામડી ખાતે રહેતા એક બાળ કિશોરને આ મૉટર સાયકલો સસ્તી કિંમતે વેચાણ કરી જતો હતો અને આ કિશોર પૈસા લઇ તેના ઓળખીતાને આ વાહનો ચલાવવા આપી દેતો હતો. જેથી સઘન તપાસ હાથ ધરી તમામ વાહનો ટુ વિલ્હર નંગ-7 કિ.રૂ. 1,85,000/ નો મુદ્દામાલ રીકવર કરી તપાસ કરતાં નીચે મુજબના ગુન્હા ડીટેકટ કરવામાં આવેલ છે

(1) એક નંબર પ્લેટ વગર નું બજાજ પલ્સર જે અંગે ખરાઇ કરતાં હિંમતનગર'એ'ડીવીઝન પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.246/16 ઇ.પી.કો. કલમ 379 નો ગુન્હો ડીટેક્ટ થાયછે.
(2) એક નંબર પ્લેટ વગરનું હોન્ડા એકટીવા જે અંગે ખરાઇ કરતાં હિંમતનગર'એ' ડીવીઝન પો.સ્ટે. ફ.07/17 ઇ.પી.કો. કલમ 379 નો ગુન્હો ડીટેક્ટ થાયછે.
(3) એક નંબર વગરનું કાળા કલરનું હીરો હોન્ડા સ્પેલેન્ડર પ્લસ જે અંગે હિંમતનગરએ'ડીવીઝન પો.સ્ટે. ફ.59/17 ઇ.પી.કો. કલમ 379 નો ગુન્હો ડીટેક્ટ થાયછે.
(4) એક નંબર વગરનું કાળા કલરનું હિરો એચ.એફ. ડીલક્ષ મો.સા. જે અંગે ખરાઇ કરતાં હિંમતનગર 'એ'ડીવીઝન પો.સ્ટે. ફ. 264/16 ઇ.પી.કો. કલમ 379 નો ગુન્હો ડીટેક્ટ થાયછે.
(5) એક નંબર વગરનું હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોસા. જે અંગે ખરાઇ કરતાં ગાંભોઇ પોલીસ સ્ટેશન ફગુ.ર.નં. 75/17 ઇ.પી.કો. કલમ 379 મુજબનો ગુન્હો ડીટેકટ થાયછે
(6) એક નંબર પ્લેટ વગરનું કાળા કલરનું બજાજ પલ્સર જે અંગે ખરાઇ કરતાં ગાંભોઇ પોલીસ સ્ટેશન ફ.10/17 ઇ.પી.કો. કલમ 379 મુજબનો ગુન્હો ડી ટેકટ થાયછે
(7) એક નંબર પ્લેટ વગરનું હીરોહોન્ડા સ્પ્લેન્ડર મોસા.જે સબંધે ખરાઇ કરતાં મૉડાસા ટાઉન પોલીસ સ્ટેશન ફ.50/17 ઇ.પી.કો. કલમ 379 મુજબનો ગુન્હો ડીટેકટ થાયછે.

જે સબંધે આ વાહનોની ચોરી કરનાર પ્રવિણ નામના ઇસમ ને ઝડપી પાડવા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર પોલીસ તરફથી ચક્રો ગતિમાન કરવામાં આવેલ છે.

**<u>સુરક્ષા સેતુ રથ:</u>**

ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુરક્ષા સેતુ રથનુંઆયોજન કરી, ઈસનપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં નાગરીકોને સુરક્ષા બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ હતુ




















નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.